# લબ્ધિ

દિવાળીના દિવસે મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા અને કાર્તિક સુદ પ્રતિપદાને દિવસે, નૂતન વર્ષના પ્રભાતે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. એટલા માટે દિવાળીના શારદાપૂજનની વિધિમાં જૈન વેપારીઓ પૂજનના પાનામાં જે શુભાકાંક્ષાઓ દર્શાવે છે તેમાં 'ગુરુ ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ પણ લખે છે.

ગૌતમસ્વામીને લબ્ધિના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. 'અનંતલબ્ધિનિધાન' જેવું બિરુદ પણ એમને માટે વપરાય છે. ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર જંઘાચરણ લબ્ધિ વડે સૂર્યનાં કિરણો પકડીને ચડી ગયા હતા. ત્યાંથી પાછા ફર્યા પછી એક પાત્રમાં રહેલી ખીર વડે પંદરસો ત્રણ તાપસોને એમણે પારણું કરાવ્યું હતું. એ પાત્રમાં જમણા હાથનો અંગૂઠો રાખવાથી એમાંની ખીર ખૂટી નહોતી. પોતાની અક્ષીણ – મહાનસી લબ્ધિ વડે તેઓ તેમ કરી શક્યા હતા. ગૌતમસ્વામીના જીવનમાં લબ્ધિના ચમત્કારની આવી કેટલીક ઘટનાઓ બની હતી એવું વાંચવા મળે છે. લોકોને આશ્ચર્યમુગ્ધ કરી નાખે એવા ચમત્કારભર્યા શક્તિવિશેષને આપણે 'લબ્ધિ' તરીકે ઓળખીએ છીએ.

લબ્ધિ શબ્દ સંસ્કૃત 'लभ्' ધાતુ પરથી આવ્યો છે. 'लभ्' એટલે મેળવવું, પ્રાપ્ત કરવું. 'લબ્ધિ' એટલે 'લાભ' અથવા 'પ્રાપ્તિ.' જે અસામાન્ય વિશિષ્ટ કોટિની શક્તિ વડે ઇચ્છિત વસ્તુઓની ચમત્કારભરી રીતે અનાયાસ પ્રાપ્તિ થાય તે શક્તિને 'લબ્ધિ' તરીકે ઓળખાવવામાં આવે છે. આત્મા ઉપરનાં કર્મનાં ગાઢ આવરણો જેમ જેમ દૂર થાય તેમ તેમ આત્મામાં આવી શક્તિઓ, લબ્ધિઓ પ્રગટ થતી જાય છે એમ જૈન ધર્મ માને છે.

'લબ્ધિ.' શબ્દ જૈન શાસ્ત્રગ્રન્થોમાં 'અહિંસા'ના અર્થમાં પણ વપરાયો છે. વળી વીર્યાંતરાય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પ્રાપ્ત થતી શક્તિના અર્થમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'લબ્ધિ' શબ્દ વપરાયો છે, અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમ માટે પણ 'લબ્ધિ' શબ્દ વપરાયો છે.

લબ્ધિની શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જુદી જુદી વ્યાખ્યા આપી છે :

**लभ्भनं लब्धिः। का पुनरसौ। ज्ञानावरणकर्मक्षयोपशमविशेषः।**

(લબ્ધિ એટલે પ્રાપ્ત થવું. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતા શક્તિવિશેષને લબ્ધિ કહેવામાં આવે છે.)

**इन्द्रियनिर्वृत्तिहेतुः क्षयोपशमविशेषे लब्धिः। यत्संनिधानादात्मा द्रव्येन्द्रियनिवृत्तिं प्रति व्याप्रियते स ज्ञानावरण क्षयोपशम विशेषो विज्ञायते।**

(ઇન્દ્રિયની નિવૃત્તિના કારણભૂત એવો વિશિષ્ટ ક્ષયોપશમ તે લબ્ધિ. જેના સંનિધાનથી આત્મા દ્રવ્યેન્દ્રિયોના વ્યાપારમાં પ્રવૃત્ત થાય છે એવા જ્ઞાનાવરણના ક્ષયોપશમનો વિશેષ તેને લબ્ધિ કહેવામાં આવે છે.)

**मतिज्ञानावरणक्षयोपशमोत्था विशुद्धजीवस्यार्थग्रहणशक्तिलक्षणलब्धिः।**

(મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી વિશુદ્ધિથી જીવમાં પદાર્થોને ગ્રહણ કરવાની જે વિશિષ્ટ શક્તિ ઉત્પન્ન થાય છે તે લબ્ધિ.)

**तपोविशषात्ऋद्धिप्राप्तिर्लब्धिः।**

(તપવિશેષથી પ્રાપ્ત થતી ઋદ્ધિ તે લબ્ધિ.)

**सम्मद्दंसण – णाण – चरणेसु जीवस्स समागमो लद्धिणाम।**

(લબ્ધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સાથે જીવનો સમાગમ.)

**विकरणा अणिमादयो मुक्तिपर्यन्ता इषुवस्तूपलम्भा लब्ध्यः।**

(મુક્તિ સુધીની ઇષ્ટ વસ્તુઓની પ્રાપ્તિ કરાવી આપનાર અણિમાદિ વિક્રિયાઓ તે લબ્ધિ.)

**गुणप्रत्ययो हि सामर्थ्यविशेषो लब्धिरिति प्रसिद्धिः।**

(ગુણોનો સામર્થ્યવિશેષ લબ્ધિ તરીકે ઓળખાય છે.)

**आत्मनः शुभभावावरण क्षयोपशये लब्धिः।**

(આત્માના શુભ ભાવ ઉપરના આવરણના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય તે લબ્ધિ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા જ્ઞાનાવરણીય, અંતરાય વગેરે કર્મોના ક્ષયોપશમથી આત્મા નિર્મળ થતાં જે ગુણસમૂહ પ્રગટ થાય છે તે દ્વારા સર્જાતા સામર્થ્યયુક્ત ચમત્કારવિશેષને લબ્ધિ તરીકે ઓળખવામાં આવે છે.

મનુષ્યમાં વિવિધ પ્રકારની શારીરિક અને માનસિક શક્તિઓ રહેલી છે. જ્યારે કોઈક વ્યક્તિમાં અસાધારણ એવી શક્તિ જોવા મળે તો લોકોને આશ્ચર્ય થાય છે. એમાં કેટલીક શક્તિઓ તો એવી હોય છે કે જેનો પ્રભાવ નજરે ન જોયો હોય તો માન્યામાં ન આવે. સામાન્ય લોકોને એવી વાત ચમત્કારયુક્ત લાગે અને તેના તરફ શ્રદ્ધા કે અંધશ્રદ્ધાનો ભાવ ધારણ કરે. એવી શક્તિઓની વાત સાંભળીને બૌદ્ધિક લોકોને તે અપ્રતીતિકર, ધતિંગ કે ગપ્પાં જેવી લાગે, પરંતુ જો તેઓને નજરે જોવાની તક મળે અને જાતે ખાતરી કરે તો તેઓ પણ તે માનવા તૈયાર થાય. કેટલાક નાસ્તિક માણસો નજરે આવી ઘટના જોયા પછી આસ્તિક કે શ્રદ્ધાવાન બની જાય છે.

એક શબ્દ સાંભળતાં આખી વાત સમજાઈ જવી, દૂર ક્યાંક બનતી ઘટનાને જાણે નજરે નિહાળતાં હોઈએ તેમ જોવી અને તેનું વર્ણન કરવું, બીજાના મનમાં ઊઠતા વિચારો અને ભાવો બરાબર સમજી લેવા અને તે પ્રમાણે કહેવા, એક ઇન્દ્રિય દ્વારા બીજી ઇન્દ્રિયના વિષયને જાણી લેવો (જેમ કે સુગંધ પરથી પદાર્થનો રંગ કેવો હશે તે કહી આપવું), જમીનથી અધ્ધર રહેવું, આકાશમાં ગમન કરવું, હાથમાંથી કે વાણીમાંથી અમૃત ઝરતું હોય તેવો અનુભવ થવો, પાત્રમાં પડેલું અન્ન ખૂટે નહિ એવો ચમત્કાર થવો, તેજોલેશ્યાની પ્રાપ્તિ થવી (જે વડે કશુંક બાળી શકાય કે ઠંડું કરી શકાય), પોતાના શરીરના મૅલ કે પરસેવા દ્વારા બીજાના રોગ મટાડી શકાય, શરીરના નખ, વાળ, દાંત વગેરે દ્વારા બીજાના રોગો મટાડી શકાય, પોતાની શક્તિથી ડુંગરને કંપાયમાન કરી શકાય, ઉપદ્રવ કે સંકટને તત્ક્ષણ શાંત કરી શકાય, વીંછી કે સર્પના ઝેરને ઉતારી શકાય, પોતાનાં વચન અનુસાર ઘટના કરી શકાય, વશીકરણ, સ્તંભન કે મોચન વગેરેનો બીજાને અનુભવ કરાવી શકાય, પરકાયાપ્રવેશ કરી શકાય, શરીરને નાનું કે મોટું કરી શકાય – આવી આવી ઘટનાઓ જેમના જીવનમાં થતી હોય તેવી વ્યક્તિઓએ કોઈક વિશેષ શક્તિ પ્રાપ્ત કરી છે એમ કહી શકાય. આવી શક્તિ તપના પ્રભાવે કે જ્ઞાનના વિકાસથી કે અમુક કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. એને લબ્ધિ તરીકે ઓળખાવવામાં આવે છે. વર્તમાન દેશકાળ અનુસાર ઘણી લબ્ધિઓ ક્ષીણ થઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગઈ છે અથવા એવી લબ્ધિઓ ધરાવનાર મહાત્માઓ વિરલ થઈ ગયા છે, અને તેઓ પણ ઓછામાં ઓછો જનસંપર્ક રાખતા હોય છે.

વૈદિક દર્શનમાં વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિને માટે 'વિભૂતિ' શબ્દ વપરાયો છે. વેદો, ઉપનિષદો, પાતંજલ યોગસૂત્ર, ભગવદ્ગીતા, પુરાણો વગેરેમાં વિવિધ પ્રકારની વિભૂતિઓનું વર્ણન જોવા મળે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ દરેક પ્રકારના યોગાંગ દ્વારા અથવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, તપ, ઈશ્વર-પ્રણિધાન વગેરે દ્વારા આવી વિવિધ વિભૂતિઓ પ્રગટ થાય છે એમ ઉપનિષદો, યોગસૂત્ર, યોગદર્શન, ભગવદ્ગીતા ઇત્યાદિ ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે.

બૌદ્ધ પરંપરાના સાહિત્યમાં પણ લબ્ધિરૂપી વિવિધ ચમત્કારિક શક્તિઓના ઉલ્લેખો મળે છે. આવી લબ્ધિને બૌદ્ધ પરિભાષા પ્રમાણે 'અભિજ્ઞા' નામથી ઓળખવામાં આવે છે. 'વિશુદ્ધિમગ્ગો' નામના ગ્રંથમાં બતાવ્યું છે કે અભિજ્ઞાઓ બે પ્રકારની છે : (૧) લૌકિક અને (૨) લોકોત્તર. આકાશગમન (ઋદ્ધિવિધ), પશુ-પક્ષીઓની બોલીનું જ્ઞાન (દિવ્ય સ્રોત), પરચિત્ત વિજ્ઞાનતા, પૂર્વજન્મનું જ્ઞાન (પૂર્વનિવાસાનુસ્મૃતિ), દૂર રહેલી વસ્તુઓનું દર્શન વગેરે અભિજ્ઞાઓ લૌકિક પ્રકારની છે. સાધક જ્યારે અર્હત્ અવસ્થાની પ્રાપ્તિ કરે છે અને લોકોને નિર્વાણમાર્ગ સમજાવવાને સમર્થ બને છે ત્યારે તેની તે શક્તિને લોકોત્તર અભિજ્ઞા કહેવામાં આવે છે.

લબ્ધિઓ કેટલી છે ? આમ જો જોવા જઈએ તો આત્માને જેટલી શક્તિ તેટલી લબ્ધિઓ છે એમ કહી શકાય. અર્થાત્ અનંત શક્તિમાન એવા આત્મામાંથી અનંત પ્રકારની લબ્ધિઓ પ્રગટ થઈ શકે. એટલા માટે ગૌતમસ્વામીને 'અનંત લબ્ધિનિધાન ' અર્થાત્ અનંત લબ્ધિઓના ભંડાર તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ કેટલીક મહત્ત્વની વિશિષ્ટ લબ્ધિઓના જે ઉલ્લેખો જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી જુદા જુદા શાસ્ત્રગ્રંથોમાં જોવા મળે છે એમાં પાંચ, દસ, અઠ્ઠાવીસ, અડતાલીસ, પચાસ કે ચોસઠ પ્રકારની વિભિન્ન લબ્ધિઓનાં નામો મળે છે.

લબ્ધિના પ્રકારો ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી ભિન્ન ભિન્ન દર્શાવવામાં આવ્યા છે. આધ્યાત્મિક વિશુદ્ધ દૃષ્ટિ લક્ષમાં રાખીને આત્માની અવસ્થા અનુસાર પાંચ પ્રકારની લબ્ધિ ગણાવાય છે : (૧) ક્ષયોપશમ લબ્ધિ, (૨) વિશુદ્ધ લબ્ધિ, (૩) દેશના લબ્ધિ, (૪) પ્રાયોગ્યતા લબ્ધિ, (૫) કરણ લબ્ધિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

– એમ મુખ્ય પાંચ પ્રકારની લબ્ધિમાં પ્રથમ ચાર લબ્ધિ ભવ્ય કે અભવ્ય બંને પ્રકારના જીવોને પ્રાપ્ત થાય છે, પરંતુ કરણ લબ્ધિ તો ફક્ત ભવ્ય જીવોને જ પ્રાપ્ત થાય છે અને તે પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી.

ક્ષયોપશમને કારણે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને ક્ષયોપશમી લબ્ધિ કહેવામાં આવે છે.

પ્રતિસમય શુભ કર્મોના બંધમાં નિમિત્તભૂત અને અશુભ કર્મોના બંધની વિરોધી એવી લબ્ધિને વિશુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે.

ષડ્દ્રવ્ય અને નવતત્ત્વના ઉપદેશરૂપી ઉપદેશ આપવાની શક્તિને દેશના લબ્ધિ કહેવામાં આવે છે. સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ જ આવી દેશના લબ્ધિ ધરાવે છે. કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ અનુભાગનો ઘાત કરીને અંતઃ કોડાકોડી સ્થિતિમાં અને દ્વિસ્થાનીય અનુભાગમાં અવસ્થાન કરવું તેને પ્રાયોગ્ય લબ્ધિ કહેવામાં આવે છે.

દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમ સાથે જે ભવ્યાત્મા અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ કરે છે તેની લબ્ધિ કરણ લબ્ધિ કહેવાય છે.

કાલ, કરણ, ઉપદેશ, ઉપશમ અને પ્રાયોગ્યતારૂપ પાંચ ભેદોને કારણે પણ લબ્ધિના પાંચ પ્રકાર બતાવવામાં આવે છે.

દાન, લાભ, ભોગ, પરિભોગ અને વીર્ય એમ પાંચ પ્રકારની લબ્ધિ પણ ગણાવવામાં આવે છે. જુઓ :

**लद्धी पंचः वियप्पा दाण-लाह-भोगुपभोग-वीरियमिदि।**

દાન, લાભ, ભોગ, પરિભોગ, વીર્ય, સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એમ નવ પ્રકારની કેવળ લબ્ધિ બતાવવામાં આવે છે.

**दाणे-लाभे-भोगे-परिभोगे वीरिय सम्मते।**
**णव केवली लद्धीओ दंसण-णाणं चरिते य।।**

ભગવતીસૂત્રમાં ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને દસ પ્રકારની લબ્ધિ બતાવી છે. જુઓ –

**गोयमा। दसविहा लद्धी पण्णत्ता तं जहा नाणलद्धी, दंसणलद्धी, चरितलद्धी चरिताचरितलद्धी, दाणलद्धी, लाभलद्धी, भोगलद्धी, उवभोगलद्धी, वीरयलद्धी, इंदियलद्धी।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[હે ગૌતમ ! દસ પ્રકારની લબ્ધિ છે, જેમ કે (૧) જ્ઞાનલબ્ધિ, (૨) દર્શનલબ્ધિ, (૩) ચારિત્રલબ્ધિ, (૪) ચારિત્રાચારિત્ર લબ્ધિ, (૫) દાનલબ્ધિ, (૬) લાભલબ્ધિ, (૭) ભોગલબ્ધિ, (૮) ઉપભોગલબ્ધિ, (૯) વીર્યલબ્ધિ અને (૧૦) ઇન્દ્રિયલબ્ધિ.]

આ લબ્ધિઓમાં જ્ઞાનલબ્ધિના પાંચ, દર્શનલબ્ધિના ત્રણ, ચારિત્રલબ્ધિના પાંચ એમ દરેકના પેટાપ્રકાર પણ ભગવતીસૂત્રમાં દર્શાવવામાં આવ્યા છે.

'આવશ્યક નિર્યુક્તિ', 'પ્રવચન સારોદ્ધાર' વગેરે ગ્રંથોમાં અઠ્ઠાવીસ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે; દિગમ્બર પરંપરાના ગ્રન્થ 'ષટખંડાગમ'માં ૪૪ પ્રકારની, 'વિદ્યાનુશાસન'માં ૪૮ પ્રકારની, 'મંત્રરાજ રહસ્ય'માં તથા 'સૂરિમંત્રબૃહત્‌કલ્પ વિવરણ'માં ૫૦ પ્રકારની અને 'તિલોય પણ્ણત્તિ'માં ૬૪ પ્રકારની લબ્ધિ બતાવવામાં આવી છે. કોઈ કોઈ ગ્રન્થોમાં કોઈક લબ્ધિનાં નામોમાં અથવા એના પેટાવિભાગોમાં ફરક જોવા મળે છે.

સિદ્ધચક્રની આરાધનામાં પણ લબ્ધિઓનો મહત્ત્વનો ઉલ્લેખ છે. એમાં લબ્ધિધારકોને નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધચક્રમાં, એના યંત્રમાં એક આવર્તનમાં સોળ લબ્ધિપદ હોય છે. એ રીતે ત્રણ આવર્તનમાં સુપ્રસિદ્ધ એવા ૪૮ લબ્ધિપદ આવે છે.

ॐ ह्रीं अर्हँ णमो – એ મંત્રપદ સહિત લબ્ધિધારકોને પ્રત્યેકને નમસ્કાર કરવામાં આવે છે.

'પ્રવચન સારોદ્ધાર'માં બતાવ્યા પ્રમાણે અઠ્ઠાવીસ લબ્ધિઓ તપના પરિણામથી પ્રગટ થાય છે. જયશેખરસૂરિએ 'ઉપદેશ ચિંતામણિ'માં લખ્યું છે તે પ્રમાણે परिणामतववसेणं एमाइ हुंति लद्धिनं। (તપના પરિણામના વશથી આ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.) આ અઠ્ઠાવીસ લબ્ધિઓ નીચે પ્રમાણે છે :

### (૧) आमर्ष- औषधि (आमोसहि)

'આમર્ષ' એટલે સ્પર્શ. જે સ્પર્શ રોગનું નિવારણ કરનાર હોવાથી ઔષધિરૂપ હોય એમને 'આમર્ષ ઔષધિ લબ્ધિ' કહેવામાં આવે છે. જે સાધકો પોતાના સ્પર્શ માત્રથી રોગનું નિવારણ કરવાની શક્તિ ધરાવતા હોય તેઓ આવી લબ્ધિવાળા કહેવાય છે.

### (૨) विपृषौषधि (विप्पोसहि)

'વિપ્રુષ' એટલે વિષ્ટા અને મૂત્ર. જે યોગીઓનાં મળ-મૂત્ર ઔષધિ તરીકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ લાગે અને રોગોનું નિવારણ કરી શકે તેવા યોગીઓ વિપ્રુષ લબ્ધિવાળા કહેવાય છે.

(૩) खेलौषधि (खेलोसहि)

'ખેલ' એટલે શ્લેષ્મ અથવા બળખો. જે સાધકોના ખેલ એમની લબ્ધિના કારણે સુગંધિત થઈ જાય છે અને તે વડે તેઓ બીજાના રોગનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે તે ખેલૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૪) जल्लौषधि (जल्लोसहि)

'જલ્લ' એટલે મેલ. આ લબ્ધિવાળા સાધકોનો શરીરનો મેલ લબ્ધિના કારણે સુગંધિત થઈ જાય છે અને બીજાના રોગોનું નિવારણ કરવાને માટે સમર્થ બને છે. તેઓ જલ્લૌષધિ લબ્ધિવાળા કહેવાય છે.

(૫) सर्वोषधि (सव्वोसहि)

જે સાધકોનાં મળ-મૂત્ર-શ્લેષ્મ, મેલ, નખ અને વાળ સુગંધવાળાં અને વ્યાધિનો નાશ કરવા માટે સમર્થ હોય તેમની લબ્ધિ સર્વોષધિ તરીકે ઓળખાય છે.

(૬) संभिन्नश्रोती

'સંભિન્ન' એટલે પ્રત્યેક. આ પ્રકારની લબ્ધિવાળા યોગીઓ માત્ર કાનથી જ નહિ, શરીરના કોઈ પણ અંગ દ્વારા સાંભળવાને સમર્થ હોય છે. એમની જુદી જુદી ઇન્દ્રિયો એકબીજીનું કાર્ય કરવાને શક્તિમાન હોય છે.

(૭) अवधिज्ञान

જે મહાત્માઓને પોતપોતાના જ્ઞાનની મર્યાદા અનુસાર વર્તમાન, ભૂત તથા ભવિષ્યના રૂપી પદાર્થોનું દર્શન થાય છે અને ઉપયોગ મૂકીને તે પ્રમાણે કથન કરવાને સમર્થ હોય છે તેઓની લબ્ધિને 'અવધિજ્ઞાન લબ્ધિ' કહેવામાં આવે છે.

(૮) ऋज्जुमति

'ઋજુ' એટલે સામાન્યથી. આમ, આ લબ્ધિ મનઃપર્યવ જ્ઞાનવાળા મુનિઓને પ્રાપ્ત થાય છે. એ દ્વારા તેઓ સંજ્ઞી જીવોના મનોગત ભાવોને સામાન્ય રૂપથી જાણી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) विपुलमति

'વિપુલ' એટલે વિસ્તારથી. મન:પર્યવ જ્ઞાનવાળા મુનિઓ આ લબ્ધિ દ્વારા ઘટપટ વગેરે વસ્તુના ધોળા, રાતા વગેરે સમસ્ત પર્યાયોને ગ્રહણ કરી શકે છે.

(૧૦) चारण लब्धि (जंघाचारण-विद्याचारण)

આ લબ્ધિવાળા સાધકો આકાશમાં આવવા-જવાની વિશિષ્ટ શક્તિ ધરાવે છે. જે મુનિઓ સૂર્યનાં કિરણો પકડીને એક પગલું ઉપાડીને તેરમા રૂચક દ્વીપે જાય છે અને ત્યાંથી પાછા ફરતાં પહેલું પગલું ઉપાડીને નંદીશ્વર દ્વીપે અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાને પાછા આવે છે તેઓ જંઘાચરણ લબ્ધિવાળા કહેવાય છે. આવી લબ્ધિવાળા ઊર્ધ્વગતિમાં એક પગલું ઉપાડીને પાંડુક વનમાં જાય છે અને ત્યાંથી પાછા ફરતાં પહેલું પગલું ઉપાડીને નંદનવનમાં જાય છે, અને બીજું પગલું ઉપાડીને પોતાના સ્થાનમાં પાછા આવે છે.

જે મુનિઓ પોતાની લબ્ધિથી પહેલું પગલું ઉપાડીને નંદીશ્વર દ્વીપે જાય છે અને ત્યાંથી પાછા ફરતાં એક પગલું ઉપાડીને પોતાના સ્થાનકે પાછા આવી જાય છે તેઓ વિદ્યાચરણ લબ્ધિવાળા કહેવાય છે. આ લબ્ધિવાળા મુનિઓ ઊર્ધ્વગતિમાં પહેલું પગલું ઉપાડીને નંદનવનમાં અને બીજું પગલું ઉપાડીને પાંડુકવનમાં જાય છે. ત્યાંથી પાછા ફરતાં એક જ પગલું ઉપાડીને પોતાના સ્થાને આવી જાય છે.

(૧૧) आशीविष

આ લબ્ધિવાળા યોગીઓ ફક્ત એક જ વચન બોલીને તે દ્વારા શાપ (અથવા આશીર્વાદ) આપવાની શક્તિ ધરાવે છે.

(૧૨) केवली

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મોના ક્ષયથી કેવળજ્ઞાનરૂપી લબ્ધિ પ્રગટ થાય છે.

(૧૩) गणधर

આ લબ્ધિ પ્રાપ્ત કરનાર તીર્થંકર ભગવાનના ગણધરનું પદ મેળવવાને સમર્થ બને છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૪) पूर्वधर

આ લબ્ધિ મેળવનાર મહાત્માઓ અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવી શકે છે.

(૧૫) अरिहंत

આ લબ્ધિ દ્વારા અરિહંત ભગવાનનું પદ મેળવી શકાય છે.

(૧૬) चक्रवर्ती

આ લબ્ધિ દ્વારા ચક્રવર્તીનું પદ મેળવી શકાય છે. ચક્રવર્તી એટલે છ ખંડ ધરતીના સ્વામી અને ચૌદ રત્નના ધારક કહેવાય છે.

(૧૭) बलदेव

આ લબ્ધિ દ્વારા બલદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૮) वासुदेव

આ લબ્ધિ દ્વારા વાસુદેવના પદની પ્રાપ્તિ થાય છે.

(૧૯) क्षीरमधुसर्पिरास्रव

'ક્ષીર' એટલે ચક્રવર્તીની ગાયનું દૂધ, 'મધુ' એટલે સાકર વગેરે પદાર્થો, 'સર્પિ' એટલે અતિશય સુગંધવાળું ઘી. આવી લબ્ધિવાળા મહાત્માઓની વાણી સાંભળનારા માણસોને તે સાંભળતાં દૂધ, મધ તથા ઘીની મધુરતા જેવો અનુભવ થાય છે.

(૨૦) कोष्ठकबुद्धि

'કોષ્ઠક' એટલે કોઠાર. કોઠારમાં રાખેલું ધાન્ય ઘણા લાંબા સમય સુધી એવું ને એવું સારું રહે છે અને બગડી જતું નથી. તેવી રીતે ગુરુના મુખથી એક વખત શ્રવણ કરેલાં વચનો સ્મૃતિમાં એવાં ને એવાં હંમેશને માટે સચવાઈ રહે તેને કોષ્ઠકબુદ્ધિ લબ્ધિ કહેવામાં આવે છે.

(૨૧) पदानुसारिणी

શ્લોકના કોઈ પણ એક પદને સાંભળવાથી આખા શ્લોકનાં બધાં પદો સમજાઈ જાય તેને પદાનુસારિણી લબ્ધિ કહેવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૨) बीजबुद्धि

એક અર્થ પરથી ઘણા અર્થોને ધારણ કરનારી બુદ્ધિ તે બીજબુદ્ધિ લબ્ધિ કહેવાય છે.

(૨૩) तैजसी (तेजोलेश्या)

ક્રોધે ભરાયેલા સાધુ જેના ઉપર ક્રોધ કર્યો હોય તેવા માણસોને અથવા સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થોને, પર્વત કે મોટાં નગરોને પોતાના મુખમાંથી નીકળેલી જ્વાળા વડે બાળી નાખવાને સમર્થ હોય તે તેજસી લબ્ધિવાળા (તેજોલેશ્યાવાળા) કહેવાય છે.

(૨૪) आहारक

શરીરના પ્રકારોમાં એક પ્રકાર તે આહારક શરીરનો છે. આહારક લબ્ધિવાળા મહાત્માઓ પોતાના સંશયનું નિવારણ કરવાને માટે અથવા તીર્થંકર ભગવાનનું સાક્ષાત્ દર્શન કરવાને માટે પોતાના શરીરમાંથી વિશિષ્ટ શુભ પુદ્ગલ પરમાણુઓ આહાર કરી – એટલે કે એકત્ર કરી એક હાથ જેટલું પોતાની આકૃતિનું શ્વેત પૂતળું પોતાના મસ્તકમાંથી બહાર કાઢી તીર્થંકર ભગવાન પાસે મોકલે અને સંશયનું સમાધાન કરી, દર્શન કરી પાછું આવી એ પૂતળું પોતાના શરીરમાં દાખલ થઈ જાય છે. આવી લબ્ધિ આહારક લબ્ધિ તરીકે ઓળખાય છે.

(૨૫) शीतलेश्या

તેજોલેશ્યાથી રક્ષણ કરવા માટે પ્રાપ્ત થયેલી શક્તિ તે શીતલેશ્યા કહેવાય છે. એ જ્યારે છોડવામાં આવે છે ત્યારે શીતળતા પ્રસરે છે. એથી ઉષ્ણ તેજોલેશ્યા ખાસ અસર કરી શકતી નથી.

(૨૬) वैक्रिय देहधारी

આ લબ્ધિથી શરીરને નાનું, મોટું, હલકું કે ભારે કરી શકાય છે અને શરીરનું રૂપ પણ બદલી શકાય છે.

(૨૭) अक्षीण महानसी

મહાનસ એટલે રસોડું – રસોઈ. અક્ષીણ એટલે ખૂટે નહિ તેવું. આ પ્રકારની લબ્ધિથી નિપજાવેલું ભોજન પોતે ખાય તે જ ઓછું થાય, પરંતુ બીજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક માણસો ખાય તો પણ ખૂટે નહિ. અર્થાત્ લબ્ધિધારી યોગી પોતે જ્યાં સુધી આહાર ન કરે ત્યાં સુધી ખાવાનું ખૂટતું નથી.

(૨૮) पुलाक

આ લબ્ધિ દ્વારા સાધક એવી શક્તિ પ્રાપ્ત કરે છે કે પોતાના દંડમાંથી પૂતળું કાઢીને શત્રુની સેનાને પરાજિત કરી શકે છે. ચક્રવર્તીનો પણ નાશ કરવાને તે સમર્થ થાય છે.

આમ, મુખ્ય અને મહત્ત્વની અઠ્ઠાવીસ લબ્ધિઓ અહીં સમજાવી છે. શ્રી જિનપ્રભસૂરિ-કૃત 'સૂરિમંત્રબૃહત્કલ્પ-વિવરણ'માં નીચે પ્રમાણે પચાસ લબ્ધિનો ઉલ્લેખ છે :

१. प्रणवनमोयुक्तजिन, २. अवधि ३. परमावधि, ४. अनन्त, ५. अनन्तान्त, ६. सर्वावधि, ७. बीज, ८. कोष्ठबुद्धि, ९. पदानुसारी, १०. संभिन्न, ११. खीर, १२, महुआ, १३. अभयासव , १४. अक्खीण, १५. आमोस, १६. विप्पो, १७. खेल, १८. जल्ल, १९. सव्वोसहि, २०. वेउव्विय, २१. सव्वलद्धि, २२. उज्जुमइ, २३. विउलमइ, २४. जंघा, २५. विज्जा, २६. पण्हसमण, २७. विज्जासिद्ध, २८. आगासगामि, २९. तत्तलेस, ३०. सीअलेस, ३१. तेउलेस, ३२. वयणविस, ३३. आसीविस, ३४. दिट्ठीविस, ३५. चारण, ३६. महासुमिण, ३७. तेउग्गनिसग्ग, ३८. वाइ, ३९. अट्ठंगनिमित्त, ४०. पडिमापडिवन्न, ४१. जिणकप्प पडिवन्न, ४२. अणिमाइसिद्ध, ४३. सामन्न, ४४. भवत्थ, ४५. अभवत्थकेवलि, ४६. उग्गतव, ४७. दित्ततव, ४८. चउद्दसपुव्वी, ४९. दसपुव्वी, ५०. पगारसंगी।

[આ પચાસ લબ્ધિ નીચે પ્રમાણે છે : (૧) જિન લબ્ધિ, (૨) અવધિ લબ્ધિ, (૩) પરમાવધિ લબ્ધિ, (૪) અનંતાવધિ લબ્ધિ, (૫) અનન્તાન્તાવધિ લબ્ધિ, (૬) સર્વાવધિ લબ્ધિ, (૭) બીજબુદ્ધિ લબ્ધિ, (૮) કોષ્ઠબુદ્ધિ લબ્ધિ, (૯) પદાનુસારી લબ્ધિ, (૧૦) સંભિન્નશ્રોત લબ્ધિ, (૧૧) ક્ષીરાસ્રવ લબ્ધિ, (૧૨) મધ્યાસ્રવ લબ્દિ, (૧૩) અમૃતાસ્રવ લબ્ધિ, (૧૪) અક્ષીણ મહાનસી લબ્ધિ, (૧૫) આમર્ષોષધિ લબ્ધિ, (૧૬) વિપ્રુષોષધિ લબ્ધિ, (૧૭) શ્લેષ્મૌષધિ લબ્ધિ, (૧૮) જલ્લોષધિ લબ્ધિ, (૧૯) સર્વોષધિ લબ્ધિ, (૨૦) વૈક્રિય લબ્ધિ, (૨૧) સર્વ લબ્ધિ, (૨૨) ઋજુમતિ લબ્ધિ, (૨૩) વિપુલમતિ લબ્ધિ, (૨૪) જંઘાચરણ લબ્ધિ, (૨૫) વિદ્યાચરણ લબ્ધિ, (૨૬) પ્રજ્ઞાશ્રમણ લબ્ધિ, (૨૭) વિદ્યાસિદ્ધ લબ્ધિ, (૨૮) આકાશગામિની લબ્ધિ, (૨૯)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ્તલેશ્યા લબ્ધિ, (૩૦) શીતલેશ્યા લબ્ધિ, (૩૧) તેજોલેશ્યા લબ્ધિ, (૩૨) વાગ્‌વિષ લબ્ધિ, (૩૩) આશીવિષ લબ્ધિ, (૩૪) દૃષ્ટિવિષ લબ્ધિ, (૩૫) ચારણ લબ્ધિ, (૩૬) મહાસ્વપ્ન લબ્ધિ, (૩૭) તેજાગ્નિનિસર્ગ લબ્ધિ, (૩૮) વાદિ લબ્ધિ, (૩૯) અષ્ટાંગ નિમિત્ત કુશલ લબ્ધિ, (૪૦) પ્રતિમાપ્રતિપન્ન લબ્ધિ. (૪૧) જિનકલ્પ-પ્રતિપન્ન લબ્ધિ, (૪૨) અણિમાદિ સિદ્ધિ લબ્ધિ, (૪૩) સામાન્ય કેવલિ લબ્ધિ, (૪૪) ભવસ્થ કેવલિ લબ્ધિ; (૪૫) અભવસ્થ કેવલિ લબ્ધિ, (૪૬) ઉગ્રતપ લબ્ધિ, (૪૭) દીપ્ત તપ લબ્ધિ, (૪૮) ચતુર્દશપૂર્વ લબ્ધિ, (૪૯) દશપૂર્વ લબ્ધિ, (૫૦) એકાદશાંગ (શ્રુત) લબ્ધિ.]

જૈન ધર્મમાં આમ પચાસ પ્રકારની લબ્ધિનો મહિમા બહુ વર્ણવાયો છે. ઉગ્ર તપશ્ચર્યાથી પ્રગટ થતી આ વિશિષ્ટ લબ્ધિઓ છે. આપણા ધાર્મિક સાહિત્યમાં નીચેનો દુહો પ્રચલિત છે :

**'કર્મ ખપાવે ચીકણાં,**<br>
**ભાવ મંગલ તપ જાણ,**<br>
**પચાશ લબ્ધિ ઊપજે,**<br>
**નમો નમો તપ ગુણ ખાણ'**

(તપને ભાવ મંગલ જાણવું, કારણ કે તે ગમે તેવાં ચીકણાં કર્મો ખપાવી દે છે અને પચાસ લબ્ધિઓને ઉત્પન્ન કરે છે. આવા મહાન ગુણના સ્થાનરૂપ તપને વારંવાર નમસ્કાર હો.)

આ બધી વિવિધ પ્રકારની લબ્ધિઓમાંથી શ્વેતામ્બર પરંપરાની માન્યતાનુસાર અરિહંત લબ્ધિ, ચક્રી લબ્ધિ, વાસુદેવ લબ્ધિ, બલદેવ લબ્ધિ, સંભિન્ન લબ્ધિ, ચારણ લબ્ધિ, પૂર્વ લબ્ધિ, ગણધર લબ્ધિ, પુલાક લબ્ધિ અને આહારક લબ્ધિ અભવ્ય પુરુષોને, અભવ્ય સ્ત્રીઓને અને ભવસિદ્ધિક સ્ત્રીઓને પ્રાપ્ત થતી નથી. વળી અભવ્ય પુરુષો અને અભવ્ય સ્ત્રીઓને કેવલી લબ્ધિ, ઋજુમતિ લબ્ધિ અને વિપુલમતિ લબ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. જો આમ હોય તો મલ્લિનાથ સ્ત્રી તરીકે તીર્થંકર કેવી રીતે થયા એવો પ્રશ્ન થાય. એના જવાબમાં શ્વેતામ્બર પરંપરાના શાસ્ત્રકારો કહે છે કે એ અપવાદરૂપ છે અને એટલા માટે એ ઘટનાની ગણના અચ્છેરામાં (આશ્ચર્યકારક ઘટનામાં) થાય છે. (દિગમ્બર પરંપરામાં મલ્લિનાથ સ્ત્રી તરીકે તીર્થંકર થયા એમ મનાતું નથી. મલ્લિનાથ પુરુષ તરીકે તીર્થંકર થયા એમ મનાય છે. દિગમ્બર પરંપરા પ્રમાણે સ્ત્રીને કેવળજ્ઞાન, મોક્ષ કે તીર્થંકરપણું પ્રાપ્ત થઈ શકતું નથી.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લબ્ધિ વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાઓ દ્વારા પ્રાપ્ત થાય છે. લબ્ધિની પ્રાપ્તિ માટે 'લબ્ધિવિધાન'ના પ્રકારની એક તપશ્ચર્યાનો ઉલ્લેખ પણ શાસ્ત્ર-ગ્રંથોમાં મળે છે. એમાં વિશેષતઃ ભાદ્રપદ, મહા અને ચૈત્ર મહિનાની અમુક નિશ્ચિત તિથિએ એક ઉપવાસ અને પારણું અથવા ત્રણ ઉપવાસ અને પારણું અથવા એક ઉપવાસ અને એકાસણું અથવા એક કે બે ઉપવાસ અને એકાસણું એમ વિવિધ રીતે તપ કરવાનું હોય છે. આવી રીતે છ વર્ષ સુધી સળંગ તપશ્ચર્યા કરવામાં આવે અને દિવસમાં ત્રણ વખત 'ॐ ह्रीं महावीराय नमः' એ મંત્રનો જાપ કરવામાં આવે તો એ પ્રકારના તપ અથવા વ્રતને 'લબ્ધિવિધાન' તપ તરીકે ઓળખવામાં આવે છે.

અઠ્ઠાવીસ લબ્ધિતપમાં અઠ્ઠાવીસ દિવસ સુધી સળંગ એકાસણાં અથવા એકાસણું અને ઉપવાસ કરવામાં આવે છે. એમાં દરરોજ જુદી જુદી લબ્ધિના નામપૂર્વક ગણણું, કાઉસગ્ગ, સાથિયા, ખમાસમણાં ઇત્યાદિ ક્રિયા કરવામાં આવે છે અને નીચેનો દુહો બોલાય છે :

**'લબ્ધિ અઠ્ઠાવીશ ધરી, ગુરુ ગોયમ ગણેશ;**
**ધ્યાવો ભાવિ શુભ કરી, ત્યાગી રાગ અને રીશ.'**

તેજોલેશ્યાની લબ્ધિની પ્રાપ્તિ માટે બ્રહ્મચર્યવ્રત સહિત છટ્ઠને પારણે છટ્ઠ કરવામાં આવે અને પારણામાં એક મૂઠી બાફેલા અડદ અને એક અંજલિ જેટલું પાણી લેવામાં આવે છે. એ પ્રકારની 'અપાનકેન' નામની તપશ્ચર્યા કરવા માટે જોઈતું શરીરબળ વર્તમાન સમયમાં રહ્યું નથી એમ મનાય છે.

લબ્ધિ મેળવવાની લાલસાથી ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે એ એક સ્થિતિ છે અને કર્મક્ષયના આશયથી, મોક્ષપ્રાપ્તિના ધ્યેયથી બાહ્ય અને આભ્યંતર ઉભય પ્રકારની ઉગ્ર તપશ્ચર્યા કરવામાં આવે અને એમ કરવા જતાં, આત્મા નિર્મળ થતાં સહજ રીતે લબ્ધિઓ પ્રગટ થવા લાગે એ બીજી સ્થિતિ છે. આત્માને માટે આ બીજી સ્થિતિ જ વિશેષ હિતકર છે.

વિશિષ્ટ પ્રકારની ચમત્કારિક શક્તિ માટે લબ્ધિ ઉપરાંત 'વિદ્યા' શબ્દ પણ જૈન ગ્રંથોમાં વપરાયેલો જોવા મળે છે. ત્યાં વિદ્યાનો અર્થ છે એકસરખા વિષયની જુદી જુદી લબ્ધિઓનો સમૂહ. આમ 'વિદ્યા' શબ્દમાં લબ્ધિનો અર્થ સમાવિષ્ટ છે. આઠ જુદા જુદા પ્રકારની વિદ્યા માટે કઈ કઈ લબ્ધિઓ પ્રગટ થયેલી હોવી જોઈએ તે માટે નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) બંધમોક્ષિણી વિદ્યા (બંધનમાંથી છોડાવવાની વિદ્યા) માટે જિન લબ્ધિ, અવધિ લબ્ધિ, પરમાવધિ લબ્ધિ, અનન્તાવધિ લબ્ધિ, અનન્તાન્તાવધિ લબ્ધિ, સ્વયંબુદ્ધ લબ્ધિ, પ્રત્યેકબુદ્ધ લબ્ધિ અને બુદ્ધબોધિત લબ્ધિ એ આઠ લબ્ધિઓ જોઈએ.

(૨) પરવિદ્યોચ્છેદની (બીજાઓની વિદ્યાઓનો ઉચ્છેદ કરનારી) વિદ્યા માટે ઉગ્રતપ લબ્ધિ, ચારણ લબ્ધિ, દીપ્તતપ લબ્ધિ અને પ્રતિમાપ્રતિપન્ન લબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૩) સરસ્વતી (જ્ઞાન વધારનારી) વિદ્યા માટે ચતુર્દશપૂર્વ લબ્ધિ, દશપૂર્વ લબ્ધિ, એકાદશાંગ લબ્ધિ, પદાનુસારી લબ્ધિ, ઋજુમતિ લબ્ધિ અને વિપુલમતિ લબ્ધિ એ છ લબ્ધિઓ જોઈએ.

(૪) રોગાપહારિણી (રોગ મટાડનારી) વિદ્યા માટે શ્લેષ્મૌષધિ લબ્ધિ, વિપ્રુષૌષધિ લબ્ધિ, જલ્લૌષધિ લબ્ધિ, આમર્ષોષધિ લબ્ધિ, સર્વોષધિ લબ્ધિ, એ પાંચ લબ્ધિઓ જોઈએ.

(૫) વિષાપહારિણી (વિષ ઉતારનારી) વિદ્યા માટે વિદ્યાસિદ્ધ લબ્ધિ, ક્ષીરાસ્રવ લબ્ધિ, મધ્વાસ્ર લબ્ધિ અને અમૃતાસ્રવ લબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૬) શ્રી-સંપાદિની (લક્ષ્મી વધારનારી) વિદ્યા માટે બીજબુદ્ધિ લબ્ધિ, કોષ્ઠબુદ્ધિ લબ્ધિ, સંભિન્નશ્રોત, લબ્ધિ, અક્ષીણ મહાનસી લબ્ધિ અને સર્વૌષધિ લબ્ધિ એ પાંચ લબ્ધિ હોવી જોઈએ.

(૭) દોષ નિનાંશિની (ભૂતપ્રેતાદિના દોષ નિવારનારી) વિદ્યા માટે વૈક્રિય લબ્ધિ, આકાશગમન લબ્ધિ, જંઘાચરણ લબ્ધિ અને વિદ્યાચરણ લબ્ધિ એ ચાર લબ્ધિઓ જોઈએ.

(૮) આશિવોઘશમની (ઉપસર્ગો શાંત કરનારી) વિદ્યા માટે તેજોલેશ્યા લબ્ધિ, શીતલેશ્યા લબ્ધિ, તપ્તલેશ્યા લબ્ધિ, દૃષ્ટિવિષ લબ્ધિ, આશીવિષ લબ્ધિ, વાગ્વિષ લબ્ધિ, ચારણ લબ્ધિ, મહાસ્વપ્ન લબ્ધિ અને તેજાગ્નિનિસર્ગ લબ્ધિ એ નવ લબ્ધિઓ જોઈએ.

લબ્ધિ શબ્દની સાથે સિદ્ધિ શબ્દ પણ વપરાય છે. વસ્તુતઃ લબ્ધિ એ જ સિદ્ધિ છે. લબ્ધિની સિદ્ધિ અથવા લબ્ધિની પ્રાપ્તિ એ લબ્ધિસિદ્ધિ તરીકે ગણવામાં આવે છે. આમ છતાં આઠ પ્રકારની મહાસિદ્ધિઓ નીચે પ્રમાણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શાવવામાં આવે છે, જેનો સમાવેશ એક અથવા બીજી લબ્ધિમાં થઈ શકે છે :

૧. અણિમા – અણુ જેટલા થઈ જવાની શક્તિ.

૨. લઘિમા – હલકા થઈ જવાની શક્તિ.

૩. મહિમા – પર્વત જેટલા મોટા થઈ જવાની શક્તિ.

૪. પ્રાપ્તિ – દૂરની વસ્તુને પાસે લાવવાની શક્તિ.

૫. પ્રાકામ્ય – ઇચ્છા અવશ્ય પાર પડે જ એવી શક્તિ.

૬. વશિત્વ – વશ કરવાની શક્તિ.

૭. ઈશિત્વ – બીજા ઉપર સત્તા ચલાવવાની શક્તિ.

૮. યત્રકામાવસાવિત્વ – બધા સંકલ્પો પાર પાડવાની શક્તિ.

લબ્ધિઓમાં કેટલીક આધ્યાત્મિક પ્રકારની છે અને કેટલીક ભૌતિક પ્રકારની છે. અરિહંત લબ્ધિ, કેવલી લબ્ધિ, ગણધર લબ્ધિ, પૂર્વધર લબ્ધિ વગેરે લબ્ધિઓ ઉચ્ચતમ પ્રકારની આધ્યાત્મિક લબ્ધિઓ છે. ખેલૌષધિ, સર્વૌષધિ, અક્ષીણ મહાનસી વગેરે પ્રકારની ભૌતિક લબ્ધિઓ છે. ભૈતિક કરતાં આધ્યાત્મિક લબ્ધિઓનું મૂલ્ય વિશેષ છે અને એ આરાધ્ય છે એ તો સ્પષ્ટ છે.

એક વખત ભૌતિક લબ્ધિઓ પ્રગટ થઈ એટલે તે કાયમને માટે રહે જ એવું હંમેશાં બનતું નથી. મન, વચન અને કાયાના અશુભ – અશુદ્ધ યોગને કારણે આત્મા જ્યારે ફરી પાછો મલિન થવા લાગે છે ત્યારે લબ્ધિઓનું બળ ઘટવા લાગે છે. એટલે કે ચમત્કારિક શક્તિઓ ઓસરવા લાગે છે. એક વખત લબ્ધિ પ્રગટ થાય અને માણસને પોતાને એની ખાતરી થાય તે પછી આત્માને સંયમમાં રાખવાનું કામ ઘણું અઘરું છે. જેઓ પરકલ્યાણ અર્થે ગુપ્ત રીતે લબ્ધિનો ઉપયોગ કરે છે અને રાગદ્વેષરહિત એવી પોતાની દશાને ટકાવી રાખે છે તેઓની લબ્ધિ ઝાઝો સમય અથવા કાયમને માટે સચવાઈ રહે છે. પરંતુ જેઓ લોકેષણા પાછળ પડી જાય છે, વારંવાર પોતાની તેવી શક્તિનો ઉલ્લેખ કરવા લાગી જાય છે, તે માટે યશ લે છે અથવા અભિમાન કરવા લાગે છે, તે વડે બીજાને ડરાવવા કે વશ કરવા લાગે છે, જાહેરમાં તેના પ્રયોગો કરવા લલચાય છે, તેવા પ્રયોગો કરી બતાવી બદલામાં ધન, સ્ત્રી ઇત્યાદિ ભોગોપભોગની સામગ્રી મેળવવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓની તેવી લબ્ધિશક્તિ ક્ષીણ થવા લાગે છે. એક વખત પ્રગટેલી લબ્ધિ લુપ્ત થઈ ગયા પછી ફરી તેવી લબ્ધિ તે જ જન્મમાં મેળવવાનું કાર્ય દુર્લભ બની જાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાનકની દૃષ્ટિએ વિચારીએ તો આત્મા જેમ જેમ નિર્મળ થતો જાય તેમ તેમ ઉપરના ગુણસ્થાનકે ચડતો જાય છે. એમાં દસમા ગુણસ્થાનકે પહોંચેલા આત્માને જાતજાતની લબ્ધિઓ પ્રગટ થવા લાગે છે. પરંતુ આ લબ્ધિ પ્રત્યે જો તે આકર્ષાય તો ફરી પાછો તે નીચે પડવા લાગે છે. મોહનીય કર્મનો સદંતર ક્ષય થયો હોતો નથી, એટલે જીવ પોતાનામાં પ્રગટ થયેલી આવી અદ્‌ભુત શક્તિઓ જોઈને રાજી થાય છે, તેમાં રાચે છે અને તેના પ્રયોગો કરવા માટે લલચાય છે. એટલે કે આ લબ્ધિઓને વાપરવા માટે સૂક્ષ્મ લોભ-કષાય હજુ ગયો નથી હોતો. માટે આ ગુણસ્થાનકને સૂક્ષ્મ સંપરાય તરીકે ઓળખાવવામાં આવે છે. લબ્ધિ-સિદ્ધિઓની દૃષ્ટિએ ભવ્યાત્માઓની કસોટી કરનારું આ મહત્ત્વનું ગુણસ્થાનક છે.

પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓ પ્રત્યે અનાસક્ત રહેવું તે સાધક માટે અત્યંત મહત્ત્વનું છે. સામાન્ય રીતે સાચા સાધકો પોતાનામાં પ્રગટ થયેલી લબ્ધિઓનું ગોપન કરે છે. પરહિત માટે, યુદ્ધ, દુકાળ કે અન્ય પ્રકારની આપત્તિ આવી પડે ત્યારે આવી લબ્ધિનો તેઓ ઉપયોગ કરે છે. પરંતુ એ લબ્ધિઓનો પોતાના સ્વાર્થ માટે કે વાસનાઓના સંતોષ માટે ક્યારેય ઉપયોગ કરતા નથી. સનતકુમાર ચક્રવર્તીની જેમ લબ્ધિઓ પ્રત્યે પણ તેઓ નિસ્પૃહ રહે છે. દસમા ગુણસ્થાનકમાં આ લબ્ધિઓ જ્યારે પ્રગટ થઈ હોય ત્યારે તે માટે મનથી પણ રાજી ન થવાનો ભાવ રાખવાનો હોય છે, કારણ કે એવી લબ્ધિશક્તિ માટેનો સૂક્ષ્મ લોભ પણ આત્માને નીચો પાડે છે. જેઓ આ કસોટીમાંથી પાર ઊતરે છે, તેઓ ઉપરના ગુણસ્થાનકે ચડી શકે છે. એટલા માટે ઊંચી આધ્યાત્મિક સાધનાના વિષયમાં અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં ભૌતિક ચમત્કાર કરનારી લબ્ધિઓનું બહુ મૂલ્ય નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org